અફરાતફરીના પગલે એક તરફનો ટ્રાફિક કલાક સુધી બંધ કરાયો

દાહોદના ભરચક હનુમાન બજારમાં બંધ દુકાનમાં ભીષણ આગથી દોડધામ મચી

ભાસ્કરન્યૂઝ | દાહોદ

દાહોદ શહેરના હાર્દ સમા હનુમાન બજાર સ્થિત જેઠ નરસિંહના ચોકઠા વિસ્તારમાં બુધવારે બપોરે આગની એક ઘટના બનતા સમગ્ર પંથકમાં ભય અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. લાંબા સમયથી બંધ પડેલી દુકાનમાં રહેલા કચરામાં અચાનક આગ ભભૂકી ઉઠતા દોડધામ મચી ગઈ હતી.

દાહોદ શહેરમાં હનુમાન બજારના ખુંટ ઉપર જેઠા નરસિંહના ચોકઠામાં પ્રશાંત પ્રવીણચંદ્ર દેસાઈની દુકાન વર્ષોથી બંધ હાલતમાં છે. બુધવાર બપોરે અંદાજે 2 વાગ્યાના સુમારે આ બંધ દુકાનમાંથી અચાનક ધુમાડો નીકળતો સ્થાનિકોના નજરે પડ્યો હતો. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને દુકાનની અંદર પડેલા કચરાના ઢગલામાંથી જ્વાળાઓ ઉપરના માળે પણ પ્રસરી ગઈ હતી.

આગની જાણ થતા જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર ફાયટરોએ જીવના જોખમે ઉપર ચઢીને પાણીનો મારો ચલાવ્યો હતો. સાવચેતીના ભાગરૂપે વીજતંત્રની ટીમે વિસ્તારનો વીજ પુરવઠો કાપી નાખ્યો હતો.

આ વિસ્તાર અત્યંત સાંકડો અને ભરચક હોવાથી બચાવ કામગીરીમાં અડચણ ન આવે તે માટે પોલીસે એક તરફનો રસ્તો સંપૂર્ણપણે બંધ કરી દીધો હતો. અંદાજે એક કલાક સુધી ટ્રાફિક જામ જેવી સ્થિતિ સર્જાઈ હતી. આખરે એક કલાક બાદ આગ કાબુમાં આવી હતી.

10 કિ.મીની ઝડપે ગરમ પવન સાથે ભેજનું પ્રમાણ 14 ટકા ઘટ્યું

દાહોદમાં ડ્રાય હીટનો પ્રકોપ, 38 ડિગ્રી તાપમાન : લૂ લાગવાનું જોખમ

ભાસ્કરન્યૂઝ | દાહોદ

દાહોદ શહેર અને જિલ્લામાં અત્યારે આકરા ઉનાળાનો મિજાજ બદલાયો છે. શહેરમાં પારો 38 ડિગ્રીને પાર કરી ગયો છે પરંતુ વાતાવરણમાં રહેલી અતિશય શુષ્કતાને પરિણામે ચાલુ વર્ષે ઉનાળાનો મિજાજ વધુ આકરો અને દઝાડનારો જણાય છે. સામાન્ય રીતે ગરમીની સાથે અકળામણ થતી હોય છે.

પરંતુ અત્યારે દાહોદના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઘટીને માત્ર 14% નોંધાયું છે. જે રણ પ્રદેશ જેવી શુષ્ક સ્થિતિનું નિર્માણ કરી રહ્યુ છે. દાહોદ શહેરમાં આકાશ એકદમ સાફ હોવાને કારણે સૂર્યના કિરણો સીધા જ જમીન પર ઝીંકાઈ રહ્યા છે. હવામાં ભેજ અત્યંત ઓછો હોવાને કારણે શરીરનો પરસેવો તરત જ સુકાઈ જાય છે. જેને "બાષ્પીભવનથી થતી ઠંડકની પ્રક્રિયા" કહેવાય છે, પણ આમાં શરીરનું જળસ્તર અત્યંત ઝડપથી ઘટવા લાગે છે.

આ ઉપરાંત 10 માઈલ પ્રતિ કલાકની ગતિએ ફૂંકાતા પવનને કારણે ગરમીના પ્રસરણની પ્રક્રિયા વેગીલી બની છે.જેના લીધે ગરમ હવા શરીરની કુદરતી ઠંડકને વધુ ઝડપથી છીનવી લે છે.

હાલ દાહોદમાં આ સ્થિતિ ત્વચા પર ગરમ બ્લોઅર જેવી અસર કરી રહી છે. આમ માત્ર તાપમાનનો આંકડો જ નહીં પણ લઘુત્તમ ભેજ અને પવનની ગતિના સમન્વયને કારણે દાહોદમાં લૂ લાગવાનું જોખમ વધી ગયું છે.

પોષણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી

સંખેડા | સંખેડા આઈસીડીએસ ટીમ અને તાલુકા આરોગ્ય અધિકારીની કચેરી દ્વારા સંયુક્ત રીતે ક્રમાં પોષણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી.

ભાસ્કર classified

એનાઉન્સમેન્ટ announcement

નામ પરીવર્તન

I HAVE CHANGED MY NAME FROM JAKWAN ABDULVAHID SAJI TO JAKWAN ABDULVAHIDBHAI SAJI. RESIDING AT 1657, MOTA GHACHIWAD, NEAR JUMMA MASJID, DAHOD, GUJARAT–389151

મારૂં જુનું નામ પઠાણ તન્વિરઅહમદ તાજમહમદ હતું નવું નામ તન્વીરખાન તાજમોહંમદ પઠાણ કરેલ છે. રહે. 127, સહકાર પાર્ક, કાપોદ્રા, અંકલેશ્વર, જી. ભરૂચ. ,

આગ કાબૂમાં લેવા 14000 લિટર પાણીનો મારો

બાલાસિનોર જીઆઈડીસીમાં ભંગારના ગોડાઉનમાં આગ

ભાસ્કરન્યૂઝ | બાલાસિનોર

બાલાસિનોર જીઆઈડીસીમાં ભંગારના ગોડાઉનમાં આગ લાગતા ભારે દોડધામ મચી હતી. આસપાસમાં ધુમાડાના ગોટા છવાઈ જતા અન્ય એકમોના સંચાલકોમાં ભય પ્રસર્યો હતો.

બાલાસિનોરના જીઆઈડીસી વિસ્તારમાં આવેલા સદ્દામભાઈ ફરીદભાઈ કાપડિયાની માલિકીના ભંગારના ગોડાઉનમાં બુધવારે ભીષણ આગ લાગી હતી. ગોડાઉનમાં પ્લાસ્ટિક સહિતનો કચરો પડ્યો હોવાથી જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધરણ કરી લીધું હતું. ભીષણ આગ અને ભારે ધુમાડાના લીધે આસપાસના વિસ્તારમાં તથા એકમોમાં ભયનો માહોલ પેદા થયો હતો. ફાયર બ્રિગેડની ભારે જહેમત બાદ આશરે એકાદ કલાક સુધીમાં 14 હજાર લિટરથી વધારે પાણીનો મારો ચલાવી આગ પર કાબૂમાં મેળવ્યો હતો. આગ લાગવા માટેનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. આગમાં ભંગાર સહિતનો સામાન બળીને ખાખ થઇ ગયો છે. સદ્દનસીબે જાનહાનિ કે કોઈને ઈજાનો બનાવ બન્યો નથી.

રહેણાક વિસ્તારમાં ગાદલાનું ગોડાઉન હોઈ ભય

ગોધરામાં ગોડાઉનમાં આગ લાગતાં અફરાતફરી સર્જાઈ

ભાસ્કરન્યૂઝ | ગોધરા

ગોધરા શહેરના રાટા પ્લોટ વિસ્તારમાં આવેલ એક ગાદલાના ગોડાઉનમાં અચાનક આગ લાગી હતી. ગોડાઉનમાં ગાદલા અને રૂ હોવાથી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધુ હતુ. જેના કારણે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

આગની ઘટનાની જાણ થતાં જ ગોધરા નગરપાલિકાના ફાયર વિભાગની ટીમ તાત્કાલિક બે ફાયર ફાઈટરોની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. અને આગ પર કાબૂ મેળવવા માટે સતત પાણીનો મારો ચલાવવામાં આવી રહ્યો હતો. પરંતુ ગોડાઉનમાં રૂ હોવાથી પાણીનો મારો ચલાવવા છતા આગ બુઝાતી ન હતી.

ગોડાઉન રહેણાંક વિસ્તારમાં હોવાથી સ્થાનિક લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. ફાયર વિભાગ દ્વારા સતત પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા હતા. આગ કયા કારણોસર લાગી છે તે અંગે હજુ સુધી જાણી શકાયું નથી.

બોડેલી સહિત 4 ગામમાંથી જતી હરકલી કોતર પર દબાણો વધ્યા

ભાસ્કરન્યૂઝ | બોડેલી

બોડેલીના અલીપુરા ચાર રસ્તા પાસે નગરમાં જવાના માર્ગે આવતા હરકલી કોતરના નાળાની ખુલ્લી જગ્યામાં ખુલ્લેઆમ દબાણ થયેલું જોવા મળે છે. ત્યારે તંત્ર આવા નડતરરૂપ દબાણો વહેલી તકે દૂર કરે તેવી માંગ ઉઠી છે.

ચાર ગામ વચ્ચેથી પસાર થતી હરકલી કોતર અગાઉ ચાલીસ ફૂટ પહોળી હતી, પણ પંચાયત સતાધીશોના આંખ આડા કાન નીચે કોતર પર દબાણો વધ્યા અને કોતર એકદમ સાંકડી બની ગઈ છે. કોતર પર કોમ્પ્લેક્સનો ખડકલો થયો અને વરસાદી પાણીના નિકાલનો પ્રશ્ન ગંભીર બન્યો. પંચાયતોમાં કોઈ કામ થયા નથી ત્યારે પાલિકામાં ચૂંટાઈને આવનારા પંચાયત વાળા જ છે. આથી પ્રજાએ વધુ સક્રિય બની પાલિકા ઓફિસર પાસેથી કામ લેવું પડશે.

જાહેર નોટીસ જન્મ-મરણ અરજી નંબર: 20/26

મે.મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ગોધરા(શહેર)ની કોર્ટમાં,મુ.ગોધરા

વિરૂધ્ધ — અરજદાર:- રહેણકુમાર ધુળાભાઈ વરીઆ રહે:54,આવાસ સોસાયટી,સાંપા રોડ, એફસીઆઈ ગોડાઉન પાછળ,ભુરાવાવ ચાર રસ્તા ,ગોધરા તા. ગોધરા જી.પંચમહાલ — સામાવાળા:- જન્મ-મરણ રજિસ્ટ્રાર, ચીફ ઓફિસરશ્રી,નગરપાલિકા, ગોધરા

ઉપરોક્ત વિષયનાં અરજદારશ્રી રહેણકુમાર ધુળાભાઈ વરીઆ, રહે:54,આવાસ સોસાયટી,સાંપા રોડ, એફસીઆઈ ગોડાઉન પાછળ,ભુરાવાવ ચાર રસ્તા ,ગોધરા તા. ગોધરા જી.પંચમહાલ એ તેમ્રોના દાદી નામે 'રેવાબેન મોહનભાઈ વરીઆ' નું મરણ તા. 02/02/2004ના રોજ મોજે.ગોધરા, તા.ગોધરા, જિ.પંચમહાલ ખાતે થયેલ હતું. તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારએ તેમ્રોના દાદી નામે રેવાબેન મોહનભાઈ વરીઆ નો મરણ તા. 02/02/2004ની મરણની નોંધ સામાવાળા જન્મ-મરણ રજીસ્ટરે કરવાની રહી ગયેલ હોઈ, સામાવાળાને રજીસ્ટરે મરણની નોંધણી કરાવવા સારૂ અત્રેની કચેરીમાં અરજી દાખલ કરેલ છે. વારતે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો-તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-30(ત્રીસ)માં અત્રેની કોર્ટ સમક્ષ લેખિતમાં પોતાનાં વાંધા-તકરાર રજુ કરવા.જો તેમ કરવામાં કસુર કરશો તો આ કોર્ટ સદર અરજી અંગે કાયદેસરની આગળની કાર્યવાહી કરશે.જેની નોંધ લેશો. આજ તારીખ :21/04/2026નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને અપાયો.

(એમ.એ.જાડેજા) એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ ગોધરા(શહેર)

જાહેર નોટીસ

આથી અમો એડવોકેટ સતીષ વી. પટેલ રહે.ગોધરાના તે અમારા અસીલ કિરીટકુમાર રમણલાલ વરીયા રહે. જ્ઞાનોદય કો.ઓ.હા. સોસાયટી લી., હલોલ ની સુચના અને ફરમાઈશથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, મોજે હાલોલ, તા.હાલોલ ના રે.સ.નં.735 તથા 20 પૈકી પ્લોટ નં. 57 ની 148.64.50 ચો.મીટર જમીન જ્ઞાનોદય કો.ઓ.હા. સોસાયટી લી., હલોલના નામે ઓળખાય છે. આ સોસાયટી ધ્વારા સદર મિલ્કત અનુસંધાને શેર સર્ટીફીકેટ નં.42 તા.11.03.1990 ના રોજ ઈસ્યુ કરવામાં આવેલ. જે ઓરીજીનલ શેર સર્ટીફીકેટ અમારા અસીલ ના કબજામાં હતા.જે ઓરીજીનલ શેર સર્ટીફીકેટ અમારા અસીલથી હાલોલ બસ સ્ટેશન નજીક પેટ્રોલ પંપ ઉપર તા.15.03.2026 ના રોજ બપોરના 1થી 2 ના અરસામાં ખોવાઈ ગયેલ છે.

વારતે, આ જાહેર નોટીસથી જણાવવાનું કે, ઉપરોક્ત ઓરીજીનલ શેર સર્ટીફીકેટ નં.42 કોઈને મળેલ હોય કે કોઈના કબજામાં હોય તો તે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-7 માં નીચે દર્શાવેલ સરનામે મોકલી આપશો.તેમજ જો કોઈપણ વ્યક્તિ કે સંસ્થાના સદર મિલ્કત કે શેર સર્ટીફીકેટ અંગે બીજા કોઈપણ પ્રકારના લાગ,ભાગ,હક,હિત, સંબંધ કે ચાર્જ, મોર્ગેજ કે ઈતર કોઈપણ હક્ક, અધિકાર હોય તો તેની લેખીત પુરાવા સહીતની જાણ અમોને નીચેના સરનામે કરવી.મુદત વિત્યે કોઈપણ વાંધા ધ્યાને લેવામાં આવશે નહી અને અમારા અસીલને અમો નો કલેઈમ સર્ટીફીકેટ ઈસ્યુ કરીશુ.જેની જાહેર જનતાએ તથા લાગતા વળગતાઓએ નોંધ લેવી.

તા.22/04/2026

સતીષ વી. પટેલ (એડવોકેટ)

સરનામુ : રૂપ,પરમહંસ સોસાયટી, બામરોલી રોડ, મુ.ગોધરા - ૩૮૯ ૦૦૧ જિ.પંચમહાલ

જાહેર નોટીસ

આથી અમો એડવોકેટ રમેશકુમાર ભગવાનદાસ ઠક્કર, રહે.ગોધરા ના તે અમારા અસીલ ની સુચના અને ફરમાઈશથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, વાવડીબુજર્ગ, તા.ગોધરા, જી.પંચમહાલ ના રે.સ.નં. 184/3 + 7 પૈકી, પ્લોટ નં.258, 259, 260 ના ચો.મી.450–00 વાળી મિલકત જે અમારા અસીલ વસ્તાણી નિશાબેન ચંદ્રેશકુમાર પાસેથી રજી.વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખવા માંગીએ છીએ. સદર ઉપર જણાવેલ મિલકત અમારા અસીલ વેચાણ રાખવા માંગતા હોઈ, તો ઉપરોક્ત મિલકતવાળી મિલકત અંગે અમો આ જાહેર નોટીસ આપીએ છીએ કે સદર મિલકત ઉપર કોઈ વ્યક્તિ કે કોઈ સંસ્થા, સરકારી મંડળી, કેડીટ સોસાયટી, કોઈપણ પ્રકારની સરકારી / બીન સરકારી / શીડયુલ | ખાનગી બેંક કે કોઈપણ પ્રકારની ભારતીય કાયદામાં આવતી એન.બી.એફ.સી. બેંક સંસ્થાનો કોઈ પણ હક્ક, હિસ્સો, હિતસંબંધ, ચાર્જ કે ગીરો ખત, બાનાખત, સાટાખત, ખાનગી લેણું બોજો કે અન્ય કોઈપણ પ્રકાર મૌખિક કરારો હોય કે કોઈ પણ વ્યક્તિનો હક્ક, હિસ્સો કે લાગભાગ, વાંધો તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાના 07(સાત) દિવસમાં નીચે જણાવેલ સરનામે લેખીત વાંધા તેઓના હક્ક હિસ્સા અંગેના પુરાવા સહિત રજુ કરવા. જેની જાહેર જનતાએ નોંધ લેવી. ઉપરોક્ત નોટીસની સમયગાળો પુર્ણ થતાં અમો અમારા અસીલને સદરહું મિલકત અંગેનો ટાઈટલ કલીયર સર્ટીફિકેટ ઈસ્યુ કરી આપીશું. જેની જાહેર જનતાએ નોંધ લેવી. સહી :-

રમેશ બી. ઠક્કર એડવોકેટ અને નોટરી મો, 9427057888

કાર્યાલય : ધાનકાવાડ, ઘ/ન. સતગુરુ કોમ્પ્લેક્સ સામે, વેટરનરી હોસ્પિટલ, ગોધરા જિ.-પંચમહાલ

બેંક ઑફ બડૌદા Bank of Baroda

દિવાડા શાખા: તાલુકા: દિવાડા, જિલ્લો: મહિસાગર, ગુજરાત – ૩૮૦૨૫૦ ફોન: ૦૬૮૬,૦૮૦૦૮ ઈ-મેલ: diwada@bankofbaroda.com

પઝેશન નોટીસ (સ્થાવર મિલકત માટે)

પરિશિષ્ટ-૪ મુજબ નિયમ ૮(૧) સાથે વંચાણે લેતા

સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) એક્ટ, ૨૦૦૨

આથી, બેંક ઓફ બરોડાના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (દ્વિતિય) એક્ટ, ૨૦૦૨ તથા કલમ ૧૩(૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ અંતર્ગત માંગણા નોટિસ તા. ૧૧.૦૪.૨૦૨૫ ના રોજ ઉધારકર્તા શ્રી યોગેન્દ્રસિંહ પુવાર ને માંગણા નોટીસ જારી કરીને બાકી રકમ રૂા. ૧૭,૪૨,૭૮૪.૦૯ (રૂા. સત્તર લાખ બેતાળીસ હજાર સાતસો ચોર્યાસી અને નવ પૈસા ફક્ત) + વ્યાજ નોટિસ તારીખના ૬૦ દિવસોની અંદર ચૂકવવા જણાવેલ.

ઉધારકર્તા રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાથી આથી ઉધારકર્તા અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધોહસ્તાક્ષરી નીચે દર્શાવેલ મિલકતનો તેમને મળેલ સત્તાનો ઉપયોગ કરતા કાયદાની કલમ ૧૩(૪) ના નિયમ ૮ સાથે વંચાણે લેતા કહેવાતા નિયમ હેઠળ તા. ૨૧.૦૪.૨૦૨૬ના રોજ કબજો લીધેલ છે.

ઉધારકર્તા અને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકતો અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર બેંક ઓફ બરોડા, ની રકમ રૂા. ૧૭,૪૨,૭૮૪.૦૯ (રૂા. સત્તર લાખ બેતાળીસ હજાર સાતસો ચોર્યાસી અને નવ પૈસા ફક્ત) તેના પર ચડત વ્યાજ સહિત બોજાને આધીન રહેશે.

સરફેસી કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ પ્રત્યે ઉધારકર્તાનું મુકરર મિલકત છોડાવવા માટે મળવા પાત્ર સમય બાબતે ધ્યાન દોરવામાં આવે છે.

સ્થાવર મિલકતનું વર્ણન

સમુચિત મિલકત ફ્લેટ નં. ૫૪ અને ૫૫, બાપુ ફળિયા, ગામ: મારૂવાડા, તાલુકો: કુડાણા, જિ. મહિસાગર, ગુજરાત ખાતે આવેલ સમગ્ર મિલકત જેની ચર્તુ:સીમા: ઉત્તરે: છત્રપાલસિંહ પુવારની મિલકત, દક્ષિણે: દેવેન્દ્રસિંહ ઈન્દ્રસિંહ પુવારની મિલકત, પૂર્વે: ગામતળ એરિયાની ખુલ્લી જમીન, પશ્ચિમે: કોયાભાઈ વાઘાભાઈની મિલકત.

તારીખ : ૨૧.૦૪.૨૦૨૬, સ્થળ : દિવાડા — સહી/- અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા

જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર- નીપાબેન અનલભાઈ શેઠ, ઠે, ઘર નં 11 વૃંદાવન નગર સોસાયટી, બામરોલી રોડ, મુ.પો.તા. ગોધરા, જી. પંચમહાલ, સંપર્ક મોબાઈલ નં. 8976202371 તે આ જાહેર નોટીસ જણાવીએ છીએ કે :-

(1) મોજે બામરોલી ખુર્દ તા. ગોધરા, જી. પંચમહાલની બ્લોક/સર્વે નં. 78/4 પૈકી 1 ની હેક્ટર 2-74-18 ક્ષેત્રફળની આકાર રૂા. 2,18 વાળી ખાતા નં. 611 ની જમીન આવેલી છે. જે જમીન પૈકી અગાઉ વેચાણ કરેલ હે. 1-47-72 ક્ષેત્રફળ જમીન બાદ કરતાં બાકી રહેલ ક્ષેત્રફળ હે. 1-26-46 ક્ષેત્રફળની જમીન અમે વેચાણ હક્કે ખરીદ કરવા માંગીએ છીએ, અને સદર જમીન હાલ રેવન્યુ રેકર્ડે (1) મેઘલીબેન મોહનભાઈ પટેલ, (2) લીલાબેન મોહનભાઈ પટેલ, (3) અરવિંદભાઈ મોહનભાઈ પટેલ, (4) રમીલાબેન મોહનભાઈ પટેલ, (5) મંજુલાબેન મોહનભાઈ પટેલ, (6) બળવંતભાઈ મોહનભાઈ પટેલ, (7) નરવતભાઈ મોહનભાઈ પટેલ, (8) નંદાબેન મોહનભાઈ પટેલ, તમામ રહે. બામરોલી ખુર્દ, તા. ગોધરા, જી. પંચમહાલના સંયુકત નામે ચાલે છે અને તેઓએ સદર જમીનના તેઓના ટાઈટલ બીન-બોજાયુકત કલીયર અને માર્કેટેબલ હોવાનુ જણાવેલ છે અને સ્થળ ઉપર ખાસ, ખુલ્લો, પ્રત્યક્ષ કબજો ભોગવટો ધારણ કરતા હોવાનું જણાવેલ છે.

(2) વારતે, ઉપરોકત મીલ્કતના તેઓના માલીકી, કબજા ભોગવટા, ટાઈટલ બાબતે કોઈપણ ખાનગી કે કાનુની વ્યકિત કે ખાનગી, સરકારી તથા અર્ધસરકારી સંસ્થા કે બેન્ક, સહકારી મંડળી, ફાઈનાન્સર કે અન્ય કોઈને કોઈ વાંધો હોય કે કોઈ હિત સબંધ હોય તો તે બાબતના આધારભુત દસ્તાવેજ સાથે આ સુચના પ્રસિધ્ધ થયે દિન-8 માં પોતાનો લેખીત વાંધા ઉપર તથા નીચેના સરનામે નોંધાવવા. અન્યથા, ઉપરોકત મીલ્કતના ટાઈટલ કલીયર માર્કેટેબલ ગણી ઉપરોકત મીલ્કતનો વેચાણ વ્યવહાર, કરાર કરીશું. ત્યારબાદ કોઈની કોઈપણ તકરાર ચાલશે નહી. જેની નોંધ લેવી.

તા. 22/4/2026. — સહી :- નીપાબેન અનલભાઈ શેઠ

અમારી મારફતે, (અમિત રજનીકાંત દવે) એડવોકેટ

શ્રી સાંઈ કોમ્પલેક્સ, વાઘબાગ બસ સ્ટેન્ડ સામે, અંબિકા સીનેમા પાછળ, ઓવર બ્રીજ રોડ, મુ.પો.તા. ગોધરા, જી.પંચમહાલ.

પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી

સ્વ. પન્નાબેન હરસિંગભાઇ ડામોર 23-04-2021 વાર : શુક્રવાર

કદી વિચારી ન શકાય તેવી આપણી અણધારી વિદાય સૌના હૃદયને ઘૂજાવી ગઈ, સમય પહેલા સૂર્યાસ્ત થઈ ગયો, ક્ષણવારમાં અંધકાર છવાઈ ગયો. રડી પડે છે આજે આંખો અમારી જોઈ તસ્વીર આપણી. અમોને જેની જરૂર હતી તેની તમારે શુ જરૂર પડી ! પ્રભુ તમારા દિવ્ય ખજાનામાં કયાં ખોટ હતી કે અમારા ખજાનામાં લૂંટ કરી. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

લિ.
હરસિંગભાઈ થોકલાભાઈ ડામોર
સ્વ. ભરતકુમાર હરસીંગભાઇ ડામોર - ગં.સ્વ. રેખાબેન ભરતભાઈ ડામોર
વિજયભાઈ હરસિંગભાઈ ડામોર - કમુબેન વિજયભાઈ ડામોર
પ્રિતેશકુમાર વિજયભાઈ ડામોર - શિલ્પાબેન પ્રિતેશકુમાર ડામોર
રિકલ, લીના, જીગુ, દિવ્યા, તથા સમસ્ત ડામોર પરિવાર

પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. રમેશચંદ્ર માનજીભાઈ બારીઆ

જન્મ તા. 05-12-1954 સ્વ. તા. 23-04-2021

'પિતાની છત્રછાયા હવે નથી, પરંતુ તેમની શીખ અને પ્રેમ જીવનભર માર્ગદર્શન આપે છે.' - 'તમારી યાદો મારી શક્તિ છે, અને તમારી હાજરી મારા મનમાં સદા જીવંત છે.'

લિ.
ગં.સ્વ બકુલાબેન રમેશચંદ્ર બારીઆ
અંકિતકુમાર રમેશચંદ્ર બારીઆ (પુત્ર) - રીટાબેન (પુત્રવધુ)
વૈભવકુમાર રમેશચંદ્ર બારીઆ (પુત્ર) - દિવ્યાબેન (પુત્રવધુ)
પ્રવિણાબેન બાદલકુમાર મહેતા (પુત્રી)
સંધ્યાબેન અમિતકુમાર હઠીલા (પુત્રી)
ધનસ્વી, ધૂન, વેદા

પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

જયશ્રી સ્વામિનારાયણ — સ્મૃતિ દિવસ

સ્વ.શ્રી પ્રતાપસિંહ નાનાભાઈ બારીઆ

(Ex. પ્રિન્સીપાલ, Class-1 આઈ.ટી.આઈ., ગોધરા.) સ્વ.તા. 23/04/2021 ચૈત્ર સુદ અગિયારસ (શુક્રવાર)

'કર્મ એજ પારસમણી"

સમયનું ઝરણું અવિરતપણે વહેતુ રહેશે, ચંદનમય ઘસાઈને મહેક રૂપી જીવન એવું જીવી ગયા કે જોનારા આપને હરહંમેશ સ્મરણ કરે. આપના કર્મો સદાયને માટે સૌના હૃદયમાં ગુંજનમય બને. આપની હયાતી અમો માટે પ્રેરણાસ્ત્રોત બની રહી,
આપના આદર્શ અને કાર્યદક્ષતા અમો માટે દિશાસૂચન બન્યા, આપનો માયાળુ અને નિસ્વાર્થ સ્વભાવ અમોને સદાય પ્રેરણા આપતો રહેશે, તમારા અથાગ પરિશ્રમ ધ્વારા સાંપડેલી પ્રગતિ, રિધ્ધિ, સિધ્ધિ અને જીવનભરના શ્રમયજ્ઞની ફલસિધ્ધિ માટે અમો આપના સદાય ઋણી છીએ, આપના જેવા પુણ્યશાળી આત્માને ભગવાનશ્રી સ્વામિનારાયણ અક્ષરધામનું અખંડ સુખ, શાંતિ, વૈભવ અર્પે એવી અંતઃકરણની પ્રાર્થના.... જયશ્રી સ્વામિનારાયણ

લિ. ગં.સ્વ. રતનબેન પ્રતાપસિંહ બારીઆ

જયદિપસિંહ પ્રતાપસિંહ બારીઆ — પારૂલબેન જયદિપસિંહ બારીઆ
નરેન્દ્રસિંહ પ્રતાપસિંહ બારીઆ — સુસ્મિતાબેન નરેન્દ્રસિંહ બારીઆ
યોગેશકુમાર પ્રતાપસિંહ બારીઆ — મનિષાબેન યોગેશકુમાર બારીઆ

વિરલ, રૂદ્ર, આદિત્ય, ધ્રીયા, જૈનિલ, જ્ઞાન તથા સમસ્ત બારીઆ પરિવારના

જયશ્રી સ્વામિનારાયણ મોરડુંગરા (ન.વ.) તા. ગોધરા, જી. પંચમહાલ.

જેતપુરમાં જમીન માપણીની અદાવતમાં દંપતી પર હુમલો કરી ફ્રેક્ચર કરનારને 1.5 વર્ષની કેદ

ભાસ્કરન્યૂઝ | ઝાલોદ

ઝાલોદ તાલુકાના જેતપુર ગામે જમીન માપણી જેવી સામાન્ય બાબતની અદાવત રાખી એક દંપતી પર હુમલો કરનાર શખ્સને ઝાલોદ કોર્ટે જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

ઘટનાની વિગત મુજબ જેતપુર ગામે રહેતા સોમાભાઈ ધીરાભાઈએ પોતાની સર્વે નંબર 4/2 વાળી જમીનની માપણી કરવાનું નક્કી કર્યું હતું. આ બાબતની અદાવત રાખી તે જ ગામના મહેન્દ્રભાઈ મનાભાઈ ડામોરે સોમાભાઈ સાથે તકરાર કરી તેમને ઝાપટો મારી હતી. મામલો આટલેથી ન અટકતા મહેન્દ્રભાઈએ સોમાભાઈના પત્ની મીરાબેન પર લાકડી વડે હુમલો કર્યો હતો.

લાકડીનો ફટકો જમણા પગના થાપાના ભાગે એટલો જોરદાર લાગ્યો હતો કે મીરાબેનને સાથળના ભાગે ફ્રેક્ચર થઈ ગયું હતું. આ હિંસક હુમલા બાદ સોમાભાઈએ મહેન્દ્રભાઈ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ કેસ ઝાલોદના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એસ.એ. ટેલરની કોર્ટમાં ચાલવા પર આવ્યો હતો. જેમાં સરકાર પક્ષે વકીલ વી.એસ. મછારે રજૂ કરેલા પુરાવાઓ અને ધારદાર દલીલોને ધ્યાને રાખી કોર્ટે આરોપી મહેન્દ્રભાઈ ડામોરને કસૂરવાર ઠેરવ્યો હતો. કોર્ટે આરોપીને ઈપીકો કલમ 323 હેઠળ 6 માસની સાદી કેદ અને ગંભીર ઈજા પહોંચાડવા બદલ ઈપીકો કલમ 325 હેઠળ 1 વર્ષ અને 6 માસની સાદી કેદ તેમજ 1000 રૂપિયાના દંડની સજા ફટકારી છે.

દંડની રકમ ન ભરે તો વધુ 3 માસની સાદી કેદ

હાલોલમાં ચેક રિટર્ન કેસના આરોપીને 2 વર્ષ કેદની સજા

ભાસ્કરન્યૂઝ | હાલોલ

હાલોલમાં રહેતા વિરાજ રમેશચંન્દ્ર ઠક્કર સાથે કાલોલના રીછીયાઆંટાના રમેશભાઈ જાદવ સાથે મિત્રતા હોવાથી સુમિત્રાબેન રમેશભાઈ જાદવને ગોબર ગેસ એજન્સી માટે નાંણાની જરૂર પડતા રમેશચંદ્ર પાસેથી રૂા.1.50 લાખ હાથઉછીનાં નાંણા લઈ બે ત્રણ મહીનામાં પરત ચુકવવા બાહેંધરી આપેલ હતી. પરંતુ તે સમયગાળામાં નાંણા પરત ન ચુકવતા નાંણાની ઉઘરાણી કરતા સુમિત્રાબેને રૂા.1.50 લાખનો ચેક લખી આપ્યો હતો.

જે ચેક રમેશચંદ્રએ ખાતામાં રજુ કરતાં ચેક ઈનશફીશીયલ ફંડનાં શેરાથી પરત ફરતા વકીલ મનોજ જી.રાણા મારફતે નોટીસ મોકલી હતી. પરંતુ સુમિત્રાબેને ઉછીનાં લીધેલ નાંણા પરત ન આપતા હાલોલ કોર્ટમાં ફરિયાદ દાખલ કરતાં કેસ કોર્ટમાં ચાલતા વકીલ મનોજ જી. રાણાની રજુઆતોને ધ્યાને લઈ હાલોલ કોર્ટ.એડી. ચીફ જયુડી.જજ આર.બી.જોષીએ આરોપી સુમિત્રાબેન રમેશભાઈ જાદવને ઘી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના કેસમાં તકસીરવાન ઠરાવી 2 વર્ષની સાદી કેદની સજા તથા ચેકની રકમનો દંડ તથા તે જ રકમ વળતર તરીકે ફરીયાદીને ચુકવવાનો હુકમ કરેલ છે. જો દંડની રકમ ન ભરે તો વધુ 3 માસની સાદી કેદની સજાનો ભોગવવાનો હુકમ કરેલ છે.

બૈંક ઑફ़ बड़ौदा Bank of Baroda

બેંક ઓફ બરોડા-બામરોલી રોડ શાખા
ગોધરા, જીલ્લો: પંચમહાલ, ગુજરાત–૩